

# Jitendra Kanubhai Patel

## ब्रेन डेड के अंगदान से चार लोगों को मिला जीवन दान

सीओटी संवाददाता
सूरत, 26 अक्टूबर

अमरोली क्षेत्र निवासी टोरेन्ट पॉवर के सिक्युरिटी गार्ड को डॉक्टरों ने ब्रेनडेड घोषित किया था। उनके परिवार की सहमती से उनके अंगों का दान किया गया। उनके अंगदान से चार जरूरतमंद लोगों को जीवनदान मिला।



अमरोली स्थित गणेशपुरा जलाराम नगर निवासी जितेन्द्र कनु पटेल (32 वर्ष) टोरेन्ट पॉवर में सिक्युरिटी गार्ड के तौर पर नौकरी करते थे। 25 अक्टूबर को नौकरी से घर वापस जा रहे थे इस दौरान लालदरवाजा ब्रिज के पास एक बाईक से उनकी बाईक टकरा गई थी। नीचे गिर जाने के कारण उनके सिर पर गंभीर चोट आई थी। अधिक ईलाज के लिए उन्हें न्यू सिविल अस्पताल ले जाया गया था। जहाँ एमआरआई और सीटी स्कैन करवाने पर उनके सिर में गंभीर चोट होने का निदान हुआ था। इसलिए उन्हें महावीर ट्रॉमा हॉस्पिटल में भर्ती किया गया था। जहाँ उन्हें ब्रेनडेड घोषित किया गया। ब्रेनडेड होने पर डोनेट लाईफ संस्था के सदस्यों ने उनके अंगदान करने के बारे में परिवार को समझाया था। जिसमें परिजनों की सहमती मिली थी। उनकी दो किडनियों का दान करने पर एक अहमदाबाद के मेघाणी नगर निवासी उपसी परमार तथा दूसरी किडनी राजी जिला के चालोर निवासी हितेश [illegible] को ट्रांसप्लांट की गई। वहीं लिवर खेड़ा के निवासी कल्पेश दलवाड़ी को ट्रांसप्लांट किया गया। उनकी चक्षुओं का दान लोकदृष्टि चक्षु बैंक को किया गया। इस प्रकार ब्रेनडेड जितेन्द्र पटेल के अंगदानों से चार लोगों को जीवनदान मिल गया।

चार खबरें

## अंगदान से तीन को मिला नया जीवन

सूरत. सड़क हादसे के बाद ब्रेन डेड घोषित एक सिक्युरिटी गार्ड के अंगदान से तीन जनों को नई जिंदगी मिली है।



जीतेन्द्र पटेल

अमरोली सायण रोड पर गणेशपुरा जलारामनगर में गुजरात हाउसिंग बोर्ड निवासी जीतेन्द्र कानु पटेल (52) डीरेट पावर में सिक्युरिटी गार्ड था। मंगलवार सुबह काम खत्म कर वह मोटर साइकिल से घर लौट रहा था। सुबह करीब सवा छह बजे लाल दरवाजा ब्रिज के पास एक मोटर साइकिल ने उसे चपेट में ले लिया। उसके सिर में गंभीर चोट आई और वह बेहोश हो गया। उसे पहले अलथाण आश्रम अस्पताल और फिर न्यू सिविल अस्पताल लाया गया। एमआरआई और सीटी स्कैन में उसके सिर में गंभीर चोट का पता चला। बाद में उसे महावीर अस्पताल में भर्ती करवाया गया, जहां न्यूरो सर्जन डॉ. आशीष देसाई तथा न्यूरो फिजिशियन डॉ. अनिरुद्ध आप्टे ने उसे ब्रेन डेड घोषित कर दिया। सूचना मिलने पर डोनेट लाइफ की टीम अस्पताल पहुंची और परिजनों को अंगदान के बारे में समझाया। सहमति मिलने पर आईकेडीआरसी ट्रांसप्लांट कोऑर्डिनेटर डिंपा शाह से सम्पर्क किया गया। आईकेडीआरसी की डॉ. विपिन पाल की टीम सूरत आई और दो किडनी तथा लीवर का दान स्वीकार किया। चक्षुओं का दान लोकदृष्टि चक्षु बैंक के डॉ. प्रफुल्ल शिरोया ने स्वीकार किया। दान में मिली एक किडनी अहमदाबाद के मेघाणीनगर निवासी जयश्री शंकरलाल परमार (46) और दूसरी किडनी तापी जिले की वालोड तहसील के बधुका गांव निवासी हितेश अमरत डोंगर (35) में ट्रांसप्लांट की गई। लीवर खेड़ा निवासी कल्पेश महेन्द्र दलवाडी (47) में ट्रांसप्लांट किया गया।

## दो व्यक्तियों को मिला नया जीवन

### परिजनों ने जितेन्द्र भाई पटेल के अंगों का किया दान



सूरत। मंगलवार को जितेन्द्र भाई (उम्र-52 वर्ष) डीरेन्ट पावर में सिक्युरिटी गार्ड के रूप में नौकरी कर अपने घर जा रहे थे। सुबह 6.15 बजे लाल दरवाजा ब्रिज के पास एक बाइक चालक के साथ टक्कर होने से वे अपनी बाइक से नीचे गिर पड़े जिससे उन्हें गंभीर चोटें आईं और वे बेहोश हो गए। उन्हें तत्काल अलथाण आश्रम हास्पीटल में भर्ती किया गया वहां उनका प्राथमिक उपचार के बाद अधिक उपचार के लिए नई सिविल हास्पीटल ले जाया गया। वहां इलाज के बाद महावीर ट्रोमा होस्पिटल में डॉ. आशिष गांधी की निगरानी में उपचार के लिए दाखिल किया गया। उपचार के दौरान डॉ. आशिश गांधी ने जितेन्द्र भाई को ब्रेनडेड घोषित कर दिया। महावीर ट्रोमा हास्पीटल के नर्सिंग डायरेक्टर शीला थोरात ने डोनेट लाइफ के प्रमुख निलेश मांडलेवाला से टेलिफोनिक संपर्क कर जानकारी दी। डोनेट लाइफ की टीम तत्काल होस्पिटल पहुंचकर जितेन्द्रभाई की धर्मपत्नी भावनाबेन, पुत्र निखिल, साला प्रशांत, साढ़ूभाई रमेशभाई, भतीजा निलेश पटेल एवं परिवार के सदस्यों को अंगदान के बारे में समझाया। परिवार के लोगों की सम्मति मिलने के बाद निलेश मांडलेवाला ने अहमदाबाद की इंस्टीट्यूट ऑफ किडनी डिजीज एंड रिसर्च सेन्टर के ट्रांसप्लांट को-ओर्डिनेटर डिम्पल शाह और प्रांजल मोदी से संपर्क कर किडनी और लीवर का दान लेने के लिए कहा। डॉ. विपिन पाल एवं उनकी टीम ने दान की प्रक्रिया पूर्ण की और डॉ. प्रफुल्ल शिरोया ने नेत्रदान लिया। दान में मिली एक किडनी मेघाणीनगर अहमदाबाद के रहनेवाली जयश्रीबेन शंकरलाल परमार (उम्र-46) और दूसरी किडनी तापी जिले के बधुका, वालोड के रहनेवाले हितेश अमरतभाई डोंगर (उम्र-47) को ट्रांसप्लांट किया गया। सूरत एवं दक्षिण गुजरात में डोनेट लाइफ द्वारा 174 किडनी, 62 लीवर, 3 पेन्क्रियास, 7 हृदय और 152 नेत्रदान लेकर 398 व्यक्तियों को नया जीवन प्रदान किया है।

# અમરોલીનો સિક્યુરિટી ગાર્ડ બ્રેનડેડ થતાં અંગદાન કરાયું

સિટી રિપોર્ટર. સુરત

અમરોલીના 27 વર્ષીય સિક્યુરિટી ગાર્ડના બ્રેનડેડ બાદ તેમના પત્નિ અને પરિવારે અંગદાન કરી જીવન સાર્થક કર્યું હતુ.

મંગળવારે જીતેન્દ્રભાઈ ટોરેન્ટ પાવરમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે, એક બાઈક ચાલક સાથે અથડાતાં તેમને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. અશક્તાશ્રમ હોસ્પીટલમાં બાદ નવી સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં MRI અને CT સ્કેન કરાવતાં બ્રેનડેડ હોવાનું બહાર આવ્યું હતું.

મહાવીર ટ્રોમા હોસ્પીટલથી ડોનેટ લાઈફને જાણકારી મળતા ડોનટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી જીતેન્દ્રભાઈના પત્ની ભાવનાબેન, પુત્ર વિશાલ, દેવાંગ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું. પરિવારજનોએ જણાવ્યું હતુ કે, અમારા સ્વજનના બ્રેનડેડ બાદ અમારા પરિવારમાં તો અંધકાર છવાઈ ગયો છે પરંતુ તેઓના અંગોના દાનથી જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના પરિવારમાં પ્રકાશ ફેલાતો



સિક્યુરિટી ગાર્ડનો પરિવાર.

હોય તો તમે ઓર્ગન ડોનેશન માટે આગળ વધો. પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની IKDRCના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા જણાવ્યું હતું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની અમદાવાદના રહેવાસી ૪૬ વર્ષીય દર્દીમાં અને બીજી કિડની તાપી જિલ્લાના રહેવાસી ૩૫વર્ષીય દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે, જ્યારે લીવર ખેડાના રહેવાસીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

# ટોરેન્ટ પાવરનો સિક્યુરિટી ગાર્ડ બ્રેઈન ડેડ થતા પરિવારે અંગોનું દાન કર્યું

સુરત તા.૨૬

મોટી ૨૭ લેઉવા પાટીદાર સમાજના જીતેન્દ્ર કનુભાઈ પટેલ (ઉ. વ. ૫૨) ટોરેન્ટ પાવરમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. મુળ આણંદ જિલ્લાના બાકરોલ ગામના જીતેન્દ્રભાઈ પત્ની ભાવનાબેન (ઉત્રાણમાં આવેલ ગજેરા સ્કુલના સફાઈ કર્મચારી) અને પુત્રો સાથે ૧૪૮, ગુજરાત હાઉસીંગ બોર્ડ, જલારામ નગર, ગજેરાપુરા, સાયણ રોડ, અમરોલી રહે છે.

ગત રોજ જીતેન્દ્રભાઈ ટોરેન્ટ પાવરમાં ફરજ બજાવી પરત ફરી રહ્યા હતા ત્યારે, સવારે ૬:૧૫ કલાકે ઘાલ દરવાજાના બ્રીજ પાસે તેમની બાઈક સાથે બીજી બાઈક અથડાતા માથામાં ગંભીર ઈજાઓ થતા બેભાન થઈ ગયા હતા. તેમને અશક્તાશ્રમ હોસ્પીટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં એમઆરઆઈ અને સીટી સ્કેન કરાવતા મગજમાં બ્લીડીંગ તેમજ જમણી બાજુના મગજ ઉપર હેમરેજ થયું હોવાનું નિદાન થયું હતું. વધુ સારવાર માટે મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈ અને ન્યુરોફીઝીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટેએ જીતેન્દ્રભાઈને બ્રેનડેડ જાહેર કર્યા હતા.

મહાવીર ટ્રોમા હોસ્પીટલના નર્સિંગ ડાયરેક્ટર શીલા શોમસે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી જીતેન્દ્રભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી જીતેન્દ્રભાઈના પત્ની ભાવનાબેન, પુત્ર વિશાલ, સાળા પ્રશાંત, સાઢુભાઈ દર્શનભાઈ, ભાણેજ જમાઈ નીલેશ પટેલ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા તમામે અંગદાનની સંમતિ આપી હતી.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ દાનમાં મેળવવામાં આવેલી એક કિડની મેઘાણી નગર અમદાવાદના રહેવાસી જયશ્રીબેન શંકરલાલ પરમાર (ઉ. વ. ૪૬) અને બીજી કિડની તાપી જિલ્લાના કથુકા, વાલોડના રહેવાસી હિતેશ અમરતભાઈ ડોંગર (ઉ. વ. ૩૫)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર ખેડાના રહેવાસી કલ્પેશ મહેન્દ્રભાઈ હલવાડી (ઉ. વ. ૪૭)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.



અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં જીતેન્દ્રભાઈના ધર્મપત્ની ભાવનાબેન, પુત્ર વિશાલ, સાળા પ્રશાંત, સાઢુભાઈ દર્શન, ભાણેજ જમાઈ નીલેશ પટેલ તથા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈ, ન્યુરોફીઝીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટે, ક્રિટીકલ કેર કેર્ષો ડૉ. મિલન મોદી, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી રાકેશ જૈન અને સુભાષ જોષાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૭૪ કિડની, ૬૨ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૨ ચક્ષુઓનો દાન મેળવીને ૩૯૮ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**મોટી ૨૭ લેઉવા પાટીદાર સમાજના પરિવારે માનવતાની મહેક પ્રસરાવી**

## સિક્યુરીટી ગાર્ડના અંગદાને ત્રણ જીવનની રક્ષા કરી

(પ્રતિનિધિદ્વારા) સુરત, શુક્રવાર

ટોરેન્ટ પાવરમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજબજાવતા ૫૨ વર્ષીય જીતેન્દ્રભાઈ કનુભાઈ



પટેલનો ૨૫મી ઓક્ટોબરે અકસ્માત બાદ ડોકટર બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. તેમના પરિવારજનોએ મૃતક જીતેન્દ્રભાઈના અંગદાનનો પ્રેરણાદાયી નિર્ણય લીધો હતો. ડોનેટ લાઈફને કરાવેલા અંગદાનમાંથી એક કિડની અમદાવાદના ૪૯ વર્ષીય જયશ્રીબેન શંકરલાલ પરમારમાં તથા બીજી કિડની તાપી જિલ્લાના કથુકાના ૩૫ વર્ષીય હિતેશ અમરતભાઈ ડાંગરમાં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. જ્યારે લીવર ખેડાના કલ્પેશ મહેન્દ્રભાઈ દલવાડીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું.

## ટોરેન્ટ પાવરના સિક્યુરિટી ગાર્ડ અને પાંડેસરાના જિતેન્દ્ર પટેલનાં અંગદાનથી પાંચને નવજીવન મળ્યું

સુરત, તા. ૨૬

માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજા પામ્યા બાદ હોસ્પિટલમાં બ્રેઈન ડેડ જાહેર કરેલા ટોરેન્ટ પાવરના સિક્યુરીટી ગાર્ડના અંગદાન થકી પાંચ વ્યક્તિઓને નવું જીવન મળ્યું છે.



આ અંગે જાણવા મળતી વિગતો મુજબ [illegible] સાયણરોડ પર આવેલા ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતાં જીતેન્દ્ર કનુ પટેલ (ઉ.વ. ૫૨ મૂળ રહે. બાકરોલ જિ. આણંદ), ટોરેન્ટ પાવરમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે જીતેન્દ્ર પટેલ ફરજ પૂરી કર્યા બાદ બાઈક પર ઘરે પરત જતાં હતા તે વખતે [illegible] દરવાજા પાસે તેમની બાઈક બીજી મોટર સાયકલ સાથે અથડાતાં અકસ્માત થયો હતો. જેમાં જીતેન્દ્ર પટેલને ગંભીર ઈજા થતા સારવાર માટે રામપુરાની [illegible] હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અને પછી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં જીતેન્દ્ર પટેલને તબીબોએ બ્રેઈનડેડ જાહેર કર્યા હતાં. ત્યારબાદ તબીબોએ ડોનેટ લાઈફના નિલેશ માંડલેવાલાને આ બાબતે જાણ કરી હતી.

નિલેશ માંડલેવાલાએ બ્રેઈનડેડ જીતેન્દ્ર પટેલના પરિવારનો સંપર્ક કરીને અંગદાન વિશે સમજણ આપી હતી. જીતેન્દ્ર પટેલના પરિવારજનોની સંમતિ બાદ તેમના કીડની લિવર અને ચક્ષુઓનું દાન નિષ્ણાંત તબીબો દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું.

બ્રેઈનડેડ જીતેન્દ્ર પટેલના અંગદાનથી પાંચ વ્યક્તિઓને જીવનદાન મળ્યું હતું.

**મૂળ આણંદના બાકરોલ ગામના જિતેન્દ્રભાઈને અકસ્માત નડતાં બ્રેઈનડેડ જાહેર કરાયા હતા**

## બ્રેઈનડેડ ગાર્ડનાં અંગોનું દાન કરી પરિવારે સમાજને દાખલો આપ્યો

નોકરી પરથી પરત ફરતી વખતે લાલ દરવાજા બ્રિજ પાસે અકસ્માત નડ્યો હતો



[illegible]

## બ્રેઈનડેડ સિક્યુરિટી ગાર્ડના અંગોએ બે વ્યક્તિને નવજીવન આપ્યું

ટોરેન્ટ પાવરમાં નોકરી પુરી કરી ઘરે જતી વેળા જીતેન્દ્ર પટેલને લાલ દરવાજા પાસે અકસ્માત નડ્યો હતો



[illegible]